ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૨ **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 

### જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને દાહોદ અને એમપી પોલીસની બેઠક યોજાઇ

## દાહોદ પોલીસ ત્રાટકી : ૭૭૭ કેસો દાખલ, રૂ.૮૦ લાખના દારૂ સાથે રૂા.૧.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

**હથિયારો** જમા લીધા, ફરાર આરોપીઓને ઝડપી પાડવા ખાસ મિશન, સંખ્યાબંધ વોરંટની બજવણી

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૩
દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને દાહોદ જિલ્લા પોલીસ તેમજ મધ્યપ્રદેશની અલીરાજપુરની પોલીસ દ્વારા બોર્ડર વિસ્તારોમાં ચુંટણી સમયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બેઠકો યોજવામાં આવી હતી.

ત્યારે અલીરાજપુર પોલીસ દ્વારા દાહોદ જિલ્લાની ૦૬ બોર્ડર વિસ્તારમાં ચેકપોસ્ટો ઉભી કરવામાં આવી છે. અલીરાજપુર પોલીસ અને દાહોદ પોલીસ દ્વારા અત્યાર સુધી ૭૭૭ કેસો દાખલ કરવામાં આવ્યાં છે જેમાં પોલીસે ૮૦ લાખ ઉપરાંતના વિદેશી દારૂના જથ્થા સાથે૧૭ વાહનો કબજે કરી પ્રોહીના બનાવમાં અત્યાર સુધી કુલ રૂા. ૧.૪૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત પોલીસે વોરંટ બજવણી, હથિયારો જમા કરવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા વિગેરે જેવી કામગીરી કરવામાં આવી છે.

ગુજરાતની વિધાનસભાની ચુંટણી જાહેર થતાં દાહોદ જિલ્લામાં પણ ચુંટણીનો માહોલ ગરમાયો છે તેવા સમયે દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણી સમયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ચુંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં સંમ્પન્ન થાય તેવા હેતુસર દાહોદ જિલ્લા પોલીસ દ્વારા સરહદી વિસ્તારમાં સઘન કામગીરી કરી રહી છે.

તેની સાથે સાથે સાથે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા રાજસ્થાન અને મધ્યપ્રદેશ પોલીસ સાથે બેઠકો પણ કરવામાં આવી હતી ત્યારે મધ્યપ્રદેશની અલીરાજપુર પોલીસ દ્વારા પોતાના વિસ્તારના દાહોદ જિલ્લાની સરહદી વિસ્તારોમાં ૦૬ ચેકપોસ્ટો ઉભી કરવામાં આવે છે જેમાં અત્યાર સુધી પોલીસે ૮૧,૦૭,૧૬૨ના પ્રોહી જથ્થા સાથે ૧૭ વાહનો કિંમત રૂા. ૬૭,૦૮,૦૦૦ મળી કુલ રૂા.૧.૪૦ કરોડનો પ્રોહી મુદ્દામાલ સાથે વાહનો કબજે કર્યાં છે. ૨૦૧૪ વ્યક્તિઓ વિરૂધ્ધ વિવિધ ગુન્હાઓ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા ૦૬ ચેકપોસ્ટો પર કુલ બે ટીમો બનાવવામાં આવી છે જે ટીમ સતત ચોવીસે કલાક ચેકપોસ્ટ પર ફરજ બજાવે છે.૩૫ વોરંટવાળા કેસ ગુજરાત પોલીસને સુપરત કરવામાં આવેલ છે. આર્મ એક્ટના કેસમાં કુલ ૪૨ કેસ દાખલ કરવામાં આવ્યાં છે. ૨૭૫ હથિયારો જમા કરવામાં આવ્યાં છે. ૩૨૪ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. આમ, દાહોદ જિલ્લાની પોલીસની સાથે સાથે મધ્યપ્રદેશની અલીરાજપુરની પોલીસ પણ ગુજરાત વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખી ગુજરાત પોલીસને સાથ અને સહકાર આપી રહી છે.

## દાહોદ શહેરના ઈંદોર હાઈવે પર વાહનની ટક્કરે વૃધ્ધાનું મોત

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૩
દાહોદ શહેરમાંથી પસાર થતાં ઈંદોર હાઈવે પર અજાણ્યા વાહનના ચાલકે રાહદારી વૃધ્ધાને અડફેટમાં લેતાં વૃધ્ધાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં મોત નીપજ્યાંનું જાણવા મળે છે. દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં મંદિરવાળી ગલીમાં રહેતાં મંગળીબેન પાંગળાભાઈ મિનામા દાહોદ શહેરમાંથી પસાર થતાં ઈન્દૌર રોડ પરથી ચાલતાં પસાર થઈ રહ્યાં હતાં તે સમયે એક અજાણ્યા વાહનના ચાલકે મંગળીબેનને અડફેટમાં લેતાં મંગળીબેનને હાથે, પગે, શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં મંગળીબેનનું મોત નીપજ્યું હતું.

ઉલ્લેખનિય છે કે આ સંબંધે મૃતક મંગળીબોનના પૌત્ર હિતેશભાઈ સુકલાભાઈ મિનામાએ દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા ખાતે વિધાનસભા ચૂંટણી સંદર્ભે માઈક્રો ઓબ્ઝવર્સને તાલીમ આપવામાં આવી



ગોધરા સ્થિત બી.આર.જી.એફ હોલ ખાતે પંચમહાલ જિલ્લામાં ચૂંટણીલક્ષી નિમાયેલા ઓબ્ઝર્વરઓની હાજરીમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા માઇક્રો ઓબ્ઝર્વરોને તાલીમ આપવામાં આવી હતી.આ તાલીમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ નેહા ગુપ્તાએ,મતદાન મથક પરની મતદાનની સંપૂર્ણ પ્રક્રિયા પર દેખરેખ રાખવા તેમજ આગામી દિવસોમાં ચૂંટણી પ્રક્રિયા સુચારુ, શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પરિપૂર્ણ કરવામાં આવે, તે માટે માઇક્રો ઓબ્ઝર્વર તરીકેની ફરજો-કામગીરી અંગે વિસ્તૃત સમજણ આપી હતી.આ તાલીમમાં જનરલ ઓબ્ઝર્વર શક્તિસિંહ રાઠોર, દેબાજ્યોતિ દત્તાએ ઉપસ્થિત રહી, પ્રશ્નોત્તરી દ્વારા માઇક્રો ઓબ્ઝર્વરોને સોંપવામાં આવેલી કામગીરી વિશે વધુ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતુ. **(તસવીર-મહેન્દ્ર દરજી)**

## કાલોલમાં ખાણ ખનીજના અધિકારી અને ગાર્ડનો ટ્રેકટર ચાલક પર હુમલો

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૩
મંગળવારના રોજ બપોરના સુમારે કાલોલ તાલુકાના અડાદરા ગામ નજીક આવેલી શુક્લા નદીના પટમાંથી રેતી ભરીને જતા ટ્રેકટર ચાલક અને ખાનગી કાર લઈને આવેલ ગોધરા ખાતેની ખાણ ખનીજ વિભાગની ટીમનાં રોયલ્ટી ઈન્સ્પેકટર હિતેશ રામાણી અને તેમનાં સુરક્ષા ગાર્ડ વચ્ચે રેતી ખનન બાબતે વાતચીત દરમિયાન બોલા બોલી તકરાર ઝગડાના સ્વરૂપમાં પરિણમી અને જોત જોતામાં હિંસક બની ટ્રેકટર માલીક સાદિક ઉર્ફે મોટો ફારૂક કડવા ઉપર ખનીજ વિભાગની ટીમનાં સિક્યુરિટી ગાર્ડે કારમાંથી હોકી લઈ આવી હુમલો કરી દેતા માથામાં વાગતા લોહી લુહાણ થઈ ગયા હતા જ્યારે અન્ય બે ઈસમોને પણ ગડદાપાટુંનો માર માર્યો હતો ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યા તેઓને માથામા ચાર ટાંકા આવ્યા હતા આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફારૂક ઉર્ફે



કાલી એહમદ કડવા દ્રારા નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી મળતી માહિતી મુજબ ખનીજ વિભાગનાં અધિકારી પણ આ બનાવ અંતર્ગત ઈજાગ્રસ્ત થયા છે અને હાલ દવા સારવાર અર્થે દાખલ થયેલ છે જેઓની પણ ક્રોસ ફરિયાદ નોંધાવવાની શકયતાઓ છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર બનાવનો વિડીયો વાયરલ થઈ રહ્યો જેમાં સિક્યુરિટી ગાર્ડ રાયફલ અને હોકી સ્ટિક લઈને ફરતો દેખાય છે.

### હાલોલના ભમરીયા ગામનો સાથ જીયેંગે સાથ મરેંગેનો કિસ્સો

## ઝાડ પર દોરીનો ગાળિયો બનાવી પ્રેમી પંખીડાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

**પાવાગઢ** પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી તેઓના પરિવારજનોને સોંપ્યા

(પ્રતિનિધી) હાલોલ, તા.૨૩
હાલોલ તાલુકાના ભમરીયા ગામે આલેણીના ઝાડ પર એક જ દોરીનો ગાળિયો બનાવી એક બીજાના ગળે ભરાવી પ્રેમી પંખીડાએ એક સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે જેમાં પાવાગઢ પોલીસે બન્ને યુવાન પ્રેમી પંખીડાઓના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી તેઓના પરિવારજનોને સોંપી બનાવ અંગે એડી નોધી વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર બનાવની મળતી વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ભમરીયા ગામે નવાપુરા ફળિયામાં રહેતા



25 વર્ષીય યુવાન સુનિલભાઈ મહેશભાઈ પરમાર અને હાલોલ તાલુકાના એક ગામે રહેતી 21 વર્ષીય યુવતી આંખો મળી જતા બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો જેમાં બન્ને પ્રેમી પંખીડાઓએ સમાજ તેઓના બંધનને અને પ્રેમ સંબંધને સ્વીકારે નહીં તે બીકે એકબીજા સાથે જીવી તો શકાય નહીં પણ સાથે મરી તો શકાય તેવું વિચારી બન્નેએ એક સાથે મરવાનો નિર્ણય કરી ભમરીયા ગામે આવેલા એક ખેતરના છેડા પર આવેલ આલેણીના ઝાડ પર એક જ દોરી વડે ગાળિયો બનાવી એક બીજાના ગળે ભરાવી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે

જેમાં એક સાથે આ ફાની દુનિયાને અલવિદા કહી મોતને વ્હાલુ કરી આપઘાત કરનાર બન્ને યુવાન પ્રેમી પંખીડા અપરણિત હોવાનું જાણવા મળ્યું છે જેમાં આલેણીના ઝાડ પર બન્ને પ્રેમી પંખીડાને મૃતદેહને લટકતા જોઈ બનાવ અંગેની જાણ તાત્કાલિક પાવાગઢ પોલીસ મથકે કરાતા પોલીસે ઘટના સ્થળે પહોંચી બન્ને પ્રેમી પંખીડાઓના મૃતદેહને નીચે ઉતારી હોસ્પિટલ ખાતે લાવી પોસ્ટમોર્ટમ કરાવી બન્નેના પરિવારજનોને સોંપ્યા હતા.

## પંચમહાલના ઘોઘંબામાં કોંગ્રેસને ફટકો, ૫૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૩
પંચમહાલ જિલ્લામાં વિધાનસભાના ઉમેદવારોએ ઢોલ સાથે પ્રચાર પ્રસાર શરૂ કર્યો છે. રાજકીય પક્ષોએ પક્ષ પલટો કરનારને માન અને પક્ષના કાર્યકરોની કામગરીને પ્રોત્સાહન ન મળતાં કોંગ્રેસના કેટલાક કાર્યકરોના જણાવ્યાં અનુસાર યુવા કાર્યકરોને અનેક રજુઆત કરવા છતાં તેમણે પ્રાધાન્ય આપવામાં આવતું નથી. ૧૨૭-કાલોલ વિધાનસભા મતવિસ્તારના ઉમેદવાર ફતેહસિંહ ચૌહાણની જાહેર સભામાં કોંગ્રેસને બાય બાય કહી ભારતીય જનતા પાર્ટીમાં વિધીવત રીતે ભગવો ખેસ ધારણ કરીને જોડાયા હતા. જેમાં તેજેન્દ્રસિંહ પઢીયાર ઉપ પ્રમુખ પંચમહાલ જિલ્લા યુથ કોંગ્રેસ કિરપાલસિંહ રાઠોડ મહામંત્રી પંચમહાલ જિલ્લા યુથ કોંગ્રેસ નિતિન ભાઈ મકવાણા ઉપ પ્રમુખ કાલોલ વિધાનસભા યુથ કોંગ્રેસ યોગેશ કુમાર પરમાર મહામંત્રી વગેરે જોડાયા હતા.

## લીમખેડા તાલુકાના આતંરસુબા ગામે સગીરાનું અપહરણ કરાયું

(પ્રતિનિધી) લીમખેડા, તા.૨૩
લીમખેડા તાલુકાના આતંરસુબા ગામની સગીર યુવતીને શાષ્ટા ગામનો યુવક ફસાવી તેની પત્ની બનાવા ભગાડી જતાં લીમખેડા પોલીસે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લીમખેડાનાં આતંરસુબા ગામના પ્રવિણભાઇ સુરસીગ ભાઈની ૧૬ વર્ષ ૯ માસની નાબાલીક યુવતીને તેના બાજુનાં ગામનો રાહુલ સોમા ચારેલ પટાવી ફોસલાવી પોતાની પત્ની બનાવા સારું યુવતીના ગામમાંથી ભગાડી ગયો હતો.

યુવતીના પિતાએ તેની આજુબાજુના ગામમાં તપાસ કરાવી હતી પરંતુ યુવતીની કોઈ ભાળ નહીં મળતાં યુવતીના પિતાએ લીમખેડા પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લીમખેડા તાલુકાના વલુન્ડી ગામની પુખ્ત વયની યુવતી ઘરેથી ક્યાંક જતી રહી

(પ્રતિનિધી) લીમખેડા, તા.૨૩
લીમખેડા તાલુકાના વલુન્ડી ગામની પુખ્ત વયની યુવતી ઘરે કીધાં વગર ઘરેથી ક્યાંક જતી રહેતા યુવતીના પિતાએ લીમખેડા પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વલુન્ડી ગામના ધીરુભાઈ રાયસીગભાઈની ૨૩ વર્ષની રશ્મિકા બેન લીલા તથા કાળાં કલરનો ડીઝાઈનવાળો પંજાબી ડ્રેસ પહેરીને ઘઉંવર્ણોની પેહરેલા કપડે કોઈને કિધા વગર ક્યાંક જતી રહેતા યુવતીના પિતાએ લીમખેડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી લીમખેડા પોલીસે જાણવા જોગ નોંધ વધુ તપાસ હાથ ધરી છે.

## કાલોલમાં દશાલાડ જ્ઞાતિના કુળદેવી વેરાઇ માતાને અન્નકૂટ ધરાવવામાં આવ્યો



લાડ જ્ઞાતિના કુળદેવી વેરાઈ માતાજીના ભવ્ય અન્નકૂટ પ.પૂ.પા. ગોસ્વામી 108 રવિ કુમારજી મહારાજના પાવન સાનિધ્યમાં તારીખ 22-11-2022ના રોજ કાલોલ લાડ જ્ઞાતિ તથા વેરાઈ માતા ગ્રુપ મિત્ર મંડળ દ્વારા અન્નકૂટ દર્શનનો ભવ્ય મહોત્સવ ઉજવાયો આ મહોત્સવમાં જે જેના કરકમલો દ્વારા વેરાઈ માતાજી મંદિરના પટાંગણમાં પેવર બ્લોક તેમજ શેડ અને કમ્પાઉન્ડ બનાવવા માટે આવેલ દાનના દાતાઓને તેમજ નગરમાંથી પધારેલા વિશિષ્ટ અગ્રણી વૈષ્ણવોને ઉપરણા ઓઢાળી આશીર્વાદ પ્રદાન કરવામાં આવ્યું.

## દાહોદ પાલિકાની બે મહિલા કાઉન્સિલરોની બાવાના બેઉ બગડ્યા જેવી સ્થિતિ થઇ

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૩
દાહોદ નગરપાલિકાની વિરોધ પક્ષની બે મહિલા કાઉન્સિલરોએ પક્ષ પલટો કરી ભાજપની પાટલી પર બેસવાનો નન્નો ભણી દેતા દાહોદ નગરપાલિકાને કોંગ્રેસ મુક્ત બનાવવાના ભાજપાના સપના રોળાઈ ગયા છે . જ્યારે વિરોધ પક્ષમાંથી પાટલી બદલી ભાજપની પાટલી પર બેસી જનારા એક મહિલા સહિત ત્રણ કાઉન્સિલરોને આ સમાચાર લખાય છે . ત્યાં સુધી ભાજપે પોતાની શરત પૂરી ન થતા ભાજપમાં વિધિવત પ્રવેશ ન અપાતા તેઓનો બાવાના બેઉ બગડ્યા જેવો ઘાટ થયાની ચર્ચાઓ સમગ્ર દાહોદ શહેરમાં આજે ટોક ઓફ ધ ટાઉન બનવા પામી છે . શહેરમાં ખાતેના જવાબદાર પદાધિકારીએ વિરોધ પક્ષના પાંચે પાંચ કાઉન્સિલરો પાટલી બદલી ભાજપમાં આવે તો જ ભાજપમાં પ્રવેશ આપવામાં આવશે તેવી શરત મૂકવામાં આવી હતી . ભાજપની આ શરત પૂરી કરવા કોંગ્રેસમાંથી પાટલી બદલી ભાજપમાં પ્રવેશ મેળવવાની મનસા નસા ધરાવતા ત્રણ પૈકી એકે બાકીની બે મહિલા કાઉન્સિલરોને મનાવવાના પ્રયાસો હાથ ભર્યા હતા . પરંતુ તે બે મહિલા કાઉન્સિલરોએ કોંગ્રેસમાંથી પાટલી બદલી ભાજપની પાટલી પર બેસવા નન્નો ભણી દેતા કોંગ્રેસમાંથી પાટલી બદલી ભાજપમાં પ્રવેશી ચેરમેન પદુ મેળવવાની લાલસા રાખનારા ત્રણેય કાઉન્સિલરોને જોરશોરથી ચાલતી ચર્ચાઓ જવામાં આવ્યા હતા . જ્યાં કમલમ શરત મુજબ આ સમાચાર લખાવ મુજબ દાહોદ નગરપાલિકાના ૩૬ કાઉન્સિલરો પૈકી ૩૧ કાઉન્સિલરો ભાજપના છે. અને પાંચ કાઉન્સિલરો કોંગ્રેસના છે.

## કાલોલના નાદરખા ગામે કૂવામાં દીપડો પડી જતા વન વિભાગ દ્વારા સલામત રીતે રેસ્ક્યૂ કરાયો



કાલોલ તાલુકાના નાદરખા ગામમાં એક ખેડૂતના ખેતર નાકુવામાં દીપડો પડી જતા વન વિભાગ દ્વારા સલામત રીતે રેસ્ક્યુ ઓપરેશન કરી બહાર કાઢવામાં આવ્યો નાદરખા ગામમાં એક ખેડૂત પોતાના ખેતરમાં ખેતીના કામમાં વ્યસ્ત હતા ત્યારે કૂવામાંથી કોઈ પ્રાણીનો અવાજ સંભળાયો ખેડૂતે કૂવામાં જઈને જોયું તો એક દીપડો કુવામાં પડી ગયો હતો ખેડૂતે તાત્કાલિક વેજલપુર વન વિભાગને જાણ કરી હતી વેજલપુર વન વિભાગ દ્વારા દીપડાને સલામત રીતે બહાર કાઢી પાંજરામાં પુરી જંગલમાં છોડી દેવામાં આવ્યો હતો આમ વન વિભાગ દ્વારા દીપડાને પકડી પાડવાથી નાદરખા ગામના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## મતદાન જાગૃતિ અને વ્યસનમુક્તિ માટે ડેરોલ સ્ટેશન ખાતે રિવરફ્રન્ટ પર સાયકલ રેલી યોજાઇ

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૩
ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે 1લી અને 5મી ડિસેમ્બરે મતદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે બુધવારે સવારે સાત વાગ્યે અમદાવાદ રિવરફ્રન્ટ પર સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સિમ્બાલિયન સાયકલિંગ કોમ્યુનિટી, રોટરી ક્લબ ઓફ અમદાવાદ સૂર્યોદય અને YHAI બાપુનગરની સંયુક્ત પહેલ છે, ધારાસભ્ય જગદીશ પંચાલ અને એજી મહેન્દ્ર પટેલે આ કાર્યક્રમને ફ્લેગોફ કર્યો છે, સિમ્બાલિયન




સાયકલિંગ સમુદાયના સ્થાપક અને પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશનના હાલ અમદાવાદ સ્થીત આર્કિટેક્ટ જિજ્ઞેશ પટેલે (જીગગી) પણ યુવાનોને "છોડો છોડો" અભિયાનને સમર્થન આપવા વિનંતી કરી છે. તંદુરસ્ત અને ફિટ ઈન્ડિયા માટે તમાકુ અને ડ્રગ્સનેના કહોનું સુત્ર આપ્યુ છે.

## વેજલપુર પાસે ટેન્કરે બાઈકને ટક્કર મારતાં યુવકનું મોત

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૩
કાલોલ તાલુકાના વેજલપુર ગામે હોટલપાસેથી મોટર સાયકલ ઉપર પસાર થતાં કૌટુંબિક પિતરાઈ ભાઈઓની મોટરસાયકલની ટેન્કર ચાલક દ્વારા પોતાનું ટેન્કર ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી આગળ ચાલતી પીતરાઈ ભાઈઓની મોટરસાયકલને પાછળથી ટક્કર મારી પરિણામે તેઓની આગળ ચાલતી એક મોટરસાયકલને પણ ટક્કર લાગી હતી વધુમાં એક ફોરવીલ ચાલકને પણ આ ટેંકર ડ્રાઈવરે અડફેટે લીધો હતો. પરીણામે પોતાની ફોઈનાં ઘરે કરાડા મુકામે જવા નિકળેલા પિતરાઈ ભાઈઓની મોટરસાયકલ રોડ ઉપર પડી ગઈ હતી અને ચાલક કિશનભાઈ લાલાભાઈ સોલંકીને શરીરે ઓછી વત્તી ઈજાઓ પહોંચી હતી અને રોડની બાજુમા ફેંકાઈ ગયા હતા જ્યારે પાછળ બેઠેલા તેના કાકાના દીકરો અજયભાઈ ગોવિંદભાઈ સોલંકી ઊ.વ.૧૯ રે ચાંચપુર તા ગોધરાનાઓ રોડ ઉપર પડી જતાં તેઓ ઉપર ટેન્કરનું પાછલું ટાયર ચડી જતા ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે જ મોત નીપજાવી પોતાનુ ટેન્કર લઈ નાસી છૂટયો હતો.

## ફતેપુરાના ઢઢેલા ગામે નજીવી બાબતે બે જણાને લાકડી વડે ફટકારવામાં આવ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૩
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે ચાંદલાવિધીના પૈસા ઓછા પડવા બાબતે ચાર ઈસમોએ ભેગા મળી બે જણાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૧મી નવેમ્બરના રોજ ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે સ્ટેશન ફળિયામાં રહેતાં વિનોદભાઈ વીરાભાઈ પારગી તથા તેમની સાથે અનીલભાઈ એમ બંન્ને જણા ગામમાં ચાંદલા વિધી હોય ચાંદલાવિધીમાં ગયાં હતાં ત્યાં અનીલ ચાંદલાવિધીના પૈસા ગણતાં હતાં જ્યાં પૈસાની ગણતરીમાં ૪૦૦૦ રૂપીયા ઓછા પડતાં ગામમાં રહેતાં ઈનેશભાઈ વિરાભાઈ પારગી, સતીશભાઈ બચુભાઈ પારગી, નીલેશભાઈ દિનેશભાઈ પારગી અને દિનેશભાઈ વિરાભાઈ પારગીનાઓએ વિનોદભાઈ અને અનીલભાઈને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો ચાંદલાવિધીના ૪,૦૦૦ રૂપીયા ખાઈ ગયાં છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ વિનોદભાઈને અને અનીલભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત વિનોદભાઈ વીરાભાઈ પારગીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.